## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ગુરુજી ધર્મ પિતા એટલે સાચા પિતા નહી... ધર્મનો ભાઈ એટલે સાચો ભાઈ નહીં... તો ધર્મ પત્નિ એ સાચી પત્નિ કેમ ? એ સમજાવો...!!



ગાંધીનગરથી કોબા તરફ જતા માર્ગે એક ઈન્ડિકા કારને અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર મુસાફરોને સામાન્ય ઈજા થવા પામતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## શનિવારે વોર્ડ-૨-૩નો સેવાસેતુ બોરીજ ભવન ખાતે યોજાશે

ગાંધીનગર મહાનગર-પાલિકાનો બીજા તબક્કાનો અંતિમ સેવાસેતુ કાર્યક્રમ નવમીને શનિવારે બોરીજભવન ખાતે યોજાશે. સવારે ૮.૩૦ વાગે શરૂ થનાર આ સેવાસેતુ કાર્યક્રમને લઈ તંત્રએ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આધાર-કાર્ડનો કેમ્પ, ફ્રી ડાયાબીટીસ ચેક-અપ કેમ્પ, તેમજ કેશલેસ પેમેન્ટની સમજ આપવા માટેના ખાસ સ્ટોલ્સ આ કાર્યક્રમમાં ઉભા કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં વ્યક્તીગત સેવાઓને લગતી ફરિયાદો રજુ કરી શકાશે. વોર્ડ નં. ૨ અને ૩ના નાગરિકો માટે આ સેવાસેતુ છે. ગ્રામ્ય વિસ્તાર આ વોર્ડમાં આવતો હોવાથી તંત્રએ ગ્રામીણ વિસ્તારમાં પ્રચાર પર વિશેષ ભાર મુક્યો છે.

## ચિલોડા હોમિયોપેથી દવાખાને ઔષધનિય વૃક્ષોનુ રોપણ કરાયુ

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ચિલોડા સર્કલ નજીક આવેલુ પેટા આરોગ્ય કેન્દ્ર તથા હોમિયોપેથી દવાખાને ઔષધિય છોડવાઓ રોપી વૃક્ષારોપણ કાર્યક્રમ નટુભાઈ પટેલના હસ્તે યોજાયો હતો. આયુર્વેદીય છોડ નગોર, બોરસલ્લી, પાનકુટી, પારિજાત, અરડુશી જેવા છોડ રોપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિ, ચિલોડા પેટા આરોગ્ય કેન્દ્રના ફીલ્ડ હેલ્થ ઓફિસર કંચનબેન પટેલ, પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય સુપરવાઈઝર બી.કે. વાઘેલા, વિશ્વજીત પટેલ, વી.સી. ખરાડી, ડી.બી. પરમાર, પોલીસકર્મી ઈશ્વરભાઈએ હાજર રહી વૃક્ષારોપણ કરી છોડને જળસિંચન કર્યુ હતું.

# ગાંધીનગરમાં ૨૦મી ઓગસ્ટે અભૂતપૂર્વ ક્રાન્તિ થશે !!!

### ગુજરાત પ્રજાસત્તાક સમિતિ દ્વારા સ્વયંભૂ વિશાળ જનસંમેલન થકી ક્રાંતિ સર્જી વિધાનસભામાં ૧૬૫થી વધુ બેઠકો જીતવાના દાવા સાથેનો વાઈરલ થયેલ મેસેજે ઉત્તેજના જગાવી

ગાંધીનગર, તા. ૭

રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય ગતિવિધિઓ તેજ બનતી જાય છે. હવે તો સોશ્યલ મિડિયાના ઉપયોગને કારણે છુપી ગતિવિધિઓ આકાર લઈ રહી છે. આમ તો ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસ સિવાય ત્રીજો મોરચો એટલો સફળ રહ્યો નથી. તેમ છતાં દર ચૂંટણીએ આ બંને પક્ષનો વિકલ્પ આપવાના દાવા સાથે કેટલાક નવા પક્ષો કે સમિતિઓ પ્રયાસો કરતા જોવા મળે છે. આ વખતે પણ આમઆદમી પાર્ટી, એનસીપી જેવા પક્ષો ઉપરાંત 'ગુજરાત પ્રજાસત્તાક સમિતિ'ના નામથી આવો પ્રયાસ હાથ ધરાનાર છે.

ગુજરાત પ્રજાસત્તાક સમિતિના નામથી સોશ્યલ મિડિયામાં વાઈરલ થયેલ એક સંદેશામાં આગામી તા. ૨૦મી ઓગષ્ટે ગુજરાતમાં સ્વતંત્રતા આંદોલન પછીની સૌથી મોટી ક્રાંતિ સર્જવાના દાવા સાથે ગાંધીનગરના સે. ૧૧માં ક્રાન્તિ મેદાનમાં સવારે ૬.૩૦ કલાકે જનતાનુ સ્વયંભૂ જનસંમેલન યોજાશે. જેમાં રાજ્યની ૨ હજારથી વધુ સંસ્થાઓ, મંડળો, વાલીઓ, વિદ્યાર્થીઓ, આંગણવાડી સેવિકાઓ, ફિક્સવેતન અને કોન્ટ્રાક્ટ ઉપર નોકરી કરતા કર્મચારીઓ, નોકરિયાતો, ખેડૂતો, રત્નકલાકારો, કામદારો, વેપારીઓ જોડાશે તેવો દાવો કરાયો છે. આ મેસેજમાં 'ગુજરાત પ્રજાસત્તાક સમિતિ' ૧૬૫ થી ૧૬૬ બેઠકો જંગી બહુમતીથી જીતશે તેવો દાવો કરાયો છે અને ૪ કરોડ મતદાતાઓ સુધી સમિતિના વિચારો પહોંચાડવા આહ્વાન કરાયુ છે. આ સંમેલનમાં શંખનાદ પણ કરવામાં આવશે.



## ચિલોડા ખાતે ગ્રામસભા યોજાઈ

તાલુકાના ચિલોડા ખાતે ગ્રામપંચાયતના હોલમાં ગામના સરપંચ શ્રીમતી વસુમતીબેન દિનેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગ્રામસભાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યો, ગ્રામસેવક આરોગ્ય વિભાગના સ્થાનિક કર્મચારીઓ, શિક્ષકો, આચાર્યો, આંગણવાડીના કાર્યકરો સહિત ગ્રામજનો હાજર રહી ગ્રામસભાની બેઠકમાં જરૂરી પ્રશ્નોની રજૂઆત કરી હતી. જેમાં સ્વચ્છતા, રેશનીંગ, આધાર કાર્ડ લીંક કરવા, બીપીએલ કાર્ડ ધારકોને નિઃશુલ્ક પ્લોટની ફાળવણી, ગામના વિકાસકાર્યોની સમીક્ષા, શૌચાલયોની સુવિધા, આંગણવાડીનું રિનોવેશન વગેરે મુદ્દાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ગ્રામસભામાં ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી જરૂરી યોગ્ય પ્રશ્નોની રજૂઆત કરી હતી.

# સે-૨૨માં તબીબની બેદરકારીથી બાળક અને પ્રસુતા બંનેના મૃત્યુ...!

### મૃતક પ્રસુતાના પરિવારજનોનો આક્ષેપ : પોલિસ ફરિયાદ કરવા કવાયત : રાત્રે પ્રસુતાને પીડા થતા હોસ્પિટલ પહોંચેલી સગર્ભાને જોવા ડોક્ટર છેક સવારે આવ્યા : નર્સીંગ સ્ટાફે રાત્રે ચેકઅપ કર્યુ હોવાના આક્ષેપ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીકના એક ગામડામાંથી સગર્ભાને લઈ પરિવારજનો સેકટર-૨૨ ખાતે આવેલા નેહા નર્સીંગ હોમમાં ડિલીવરી માટે લઈને આવ્યા હતા. ૨જી તારીખે રાત્રે સગર્ભાને હોસ્પિટલમાં દાખલ કરીને ત્યાં નર્સીંગ સ્ટાફે જ ચેકઅપ કરીને ડૉકટર સાથે વાતચીત કરી હતી. સગર્ભાને ચેક કરવા ડોકટર છેક સવારે આવ્યા અને ત્યાં સુધીમાં સગર્ભાની તબિયત ખુબ જ બગડી ગઈ હતી. પેટમાં રહેલું બાળક સવારે મૃત્યુ પામ્યું અને સગર્ભાની હાલત વધુ બગડી એટલે આખરે તબીબે સિવિલ હોસ્પિટલ તગેડી દીધા હોવાના આક્ષેપ થયા છે. સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે સગર્ભાનું પણ મૃત્યુ થઈ જતા પરિવારજનો રોષે ભરાયા છે. પરિવારજનોએ ડોકટરની બેદરકારીથી માતા પુત્રના મોત નિપજયા હોવાના આક્ષેપ સાથે પોલિસ ફરિયાદ કરવાની તૈયારી દર્શાવી છે. જે અંતર્ગત પેનલ ડોકટર દ્વારા પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ દહેગામના ચિસકારી ગામે રહેતા ૨૮ વર્ષીય જયોત્સનાબેન અશ્વિનભાઈ સોલંકી ગર્ભવતી હોવાથી તેણીના પિયર જેઠીપુરા હતી. ૨જી તારીખે રાત્રે પ્રસુતાની પીડા શરુ થતા જયોત્સનાબેનને તાત્કાલિક તેણીના પરિવારજનો ગાંધીનગર સે-૨૨ ખાતે નેહા નર્સિંગ હોમમાં ડૉ. દેવેન્દ્ર ગોસ્વામીને ત્યાં લઈને આવ્યા રાત્રે ડોકટર હાજર ન હતાં. નર્સીંગ સ્ટાફે ચેકઅપ કર્યુ અને ડોકટરને રીપોર્ટ આપ્યો કે નોર્મલ ડીલવરી થાય એમ છે. જયોત્સનાબેન અસહ્ય પીડા સહન કરી રહ્યા હતા અને સ્ટાફ કહેતો હતો કે ડોકટર સવારે આવશે. પરિવારજનોનું કહેવું છે કે ડોકટર સવારે છ વાગ્યાના અરસામાં હોસ્પિટલ આવ્યા અને ચેકઅપ કર્યા પછી કહ્યું કે બાળક અંદર હલનચલન કરતું નથી ત્યાર બાદ બીજા પેશન્ટ ને જોઈને નવેક વાગ્યે જયોત્સનાબેનને ઓપરેશન થિયેટરમાં લીધા. બાળક પેટમાં જ મૃત્યુ પામી ગયેલું હતું અને સગર્ભાને બ્લીડીંગ શરુ થઈ ગયું હતું. નર્સ ઓપરેશન થિયેટરમાંથી બહાર આવી અને પરિવારના સભ્યને કહ્યું કે બાળક જીવતું નથી અને માતાને બ્લીડીંગ ચાલુ છે ઓપરેટ કરવું પડશે અને કોથળી કાઢવી પડશે. ફોર્મ પર સહી કરી આપો. સહી કરાવ્યા બાદ ફરી ઓપરેશન થિયેટરમાં નર્સ ગઈ અને થોડીવાર રહીને ડોકટર સહીત ટીમ બહાર આવી કે તમે પેશન્ટને સિવિલ હોસ્પિટલ લઈ જાવ. જયોત્સનાબેનને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા સારવાર દરમિયાન ગઈ કાલે તેણીનું પણ પ્રાણ પંખેરુ ઉડી જતા પરિવારજનો રોષે ભરાયા છે. પરિવારજનોએ ડોકટર સામે બેદરકારીથી ફરિયાદ આપવા તૈયારી કરતા આ મામલે પોલિસે પેનલ ડોકટરથી પીએમ કરાવ્યું છે. રીપોર્ટ આવ્યા બાદ ડોકટરની બેદરકારી સાબિત થશે તો ગુનો દાખલ કરવામાં આવશે.

**ડૉ. દેવેન્દ્ર ગોસ્વામીનું કહેવુ છે કે...**

ડૉ. દેવેન્દ્ર ગોસ્વામીનું કહેવુ છે કે દર્દીની સારવાર યોગ્ય રીતે કરવામાં આવી હતી. ત્રીજી તારીખે સ્ટેબલ કન્ડીશનમાં રીફર કરવામાં આવ્યા હતા ત્યાર બાદ ગઈ કાલે કાર્ડીયાક પ્રોબ્લેમને કારણે હોસ્પિટલમાં દર્દીનું મૃત્યુ થયું છે.

## મોટી શિહોલી ગાયત્રી વિદ્યા મંદિરનું ગૌરવ

ગાંધીનગર ખાતે મોટી શિહોલીના ગાયત્રી વિદ્યા મંદિરે તાજેતરમાં લેવાયેલી માર્ચ-૨૦૧૭ એસએસસીમાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરેલ છે. શાળામાં નેહાબેન રમેશજી ઠાકોરે ૬૦૦માંથી ૪૪૫ ગુણ પ્રાપ્ત કરી પ્રથમ નંબર મેળવેલ છે. શાળા પરિવાર અભિનંદનની સાથે ગૌરવ અનુભવે છે.

## યુટીઆઈની ચેરમેન ક્લબમાં ભાર્ગવ જોષીની પસંદગી



ગાંધીનગરમાં યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડમાં એડવાઈઝર તરીકે કાર્યરત ૬૧ વર્ષીય ભાર્ગવ જનાર્દન જોષીની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ચેરમેન ક્લબની મેમ્બરશીપ માટે પસંદગી થવા પામી છે. ચેરમેન ક્લબનો એવોર્ડ તેમને આગામી તા. ૧૧મી જૂનથી તા. ૧૬મી જૂન દરમ્યાન કંપનીના ઈઝરાયેલ ખાતે યોજાનારા કાર્યક્રમમાં અપાશે. એવોર્ડ લેવા તેઓ તેમના ધર્મપત્નિ દેવલબેન જોષી જેઓ લાયોનેસ ક્લબના પ્રેસિડેન્ટ છે તેમને સાથે લઈ લેવા જશે. અગાઉ વર્ષ ૧૩-૧૪ માટે પણ તેઓને ડબલ ચેરમેન ક્લબ મેમ્બરશીપ પ્રાપ્ત થઈ હતી.




**સોલર રૂફટોપ યોજનાનો લાભ મેળવવા શું કરશો ?**

| | |
|---|---|
| કોણ અરજી કરી શકે ? | વીજ કંપનીઓના રહેણાંક ક્ષેત્રના તમામ ગ્રાહકો |
| અરજીફોર્મ ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડાની કચેરી, વેબસાઈટ તથા જેડા અધિકૃત એજન્સીઓ* પાસેથી |
| અરજી સાથે શું વિગતો આપવાની છે ? | છેલ્લું વીજબીલ, ઓળખપત્ર, રહેઠાણની માલિકીનો પુરાવો અને વીજ કંપની સાથે કરવાના થતા અરજદારની સહી સાથેનો કરાર |
| અરજી ક્યાં આપવાની છે ? | જેડાની કચેરી અથવા જેડા અધિકૃત એજન્સીને* |
| અરજી સાથે કોઈ ફી ભરવાની છે ? | ના, માત્ર સરળ ભાષામાં એક જ પેઈજમાં નિયત પ્રોફોર્મામાં અરજી કરવાની રહેશે |
| અન્ય કોઈ ફી કે રકમ ભરવાની થાય છે? | વીજ કંપનીને જોડાણ ખર્ચના આશરે રૂા. ૧૫૦૦/- |
| મુંઝવણમાં કોને સંપર્ક કરવો ? | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર - ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ |
| રૂફટોપ સિસ્ટમ માટે કેટલી જગ્યા જોઈએ ? | અગાસી પર ૧ કિલોવોટ દીઠ આશરે ૧૦૦ ચો.ફૂટ જેટલી છાયા રહિત જગ્યા |
| કેટલી ક્ષમતાની સિસ્ટમ ગોઠવી શકાશે? | ૧ કિલોવોટ કે તેથી વધુ કોઈપણ ક્ષમતાની સોલર રૂફટોપ ગોઠવી શકાશે |
| રૂફટોપ સિસ્ટમની કિંમત કેટલી છે? | પ્રતિ કિલોવોટ રૂા. ૬૯,૦૦૦/- પાંચ વર્ષના મેઈન્ટેનન્સ સાથે |
| આ અંગે કેટલી સહાય મળવા પાત્ર છે ? | (અ) રાજ્ય સરકાર તરફથી પ્રતિ કિલોવોટ રૂા. ૧૦,૦૦૦/- મહત્તમ રૂા. ૨૦,૦૦૦/-ની મર્યાદામાં (બ) કેન્દ્ર સરકાર તરફથી પ્રતિ કિલોવોટ રૂા. ૨૦,૭૦૦/- |
| સોલર રૂફટોપ સિસ્ટમ લગાવવાની કામગીરી કોણ કરી આપશે | લાભાર્થી દ્વારા પસંદ કરેલ અધિકૃત એજન્સી કરી આપશે. સરકારી સહાય બાદ કરતાં સિસ્ટમની કિંમત લાભાર્થીએ અધિકૃત એજન્સીને ચૂકવવાની રહેશે. |
| કેટલી ઊર્જા/વીજ ઉત્પન્ન થાય છે ? | પ્રતિ કિલોવોટ વાર્ષિક ધોરણે આશરે ૧૪૫૦ યુનિટ |
| વધારાની વીજ ઉત્પન્ન થાય તેનું શું વળતર મળશે ? | સરેરાશ ખરીદ કિંમત પ્રમાણે ત્યાર પછીના માસના વીજબીલમાં ક્રેડીટ તરીકે આપવામાં આવે છે. (હાલ રૂા. ૩.૨૨ પ્રતિ યુનિટ) |

**-: અધિકૃત એજન્સીઓ :-**

*• પાવરટ્રેક-079-26934315 • કોસોલ-079-26861339 • યુઆર એનર્જી-1800 120 4011 • અભિષેક-0265-2355937 • માધવ-0265-2290722 • રેડરેન-1800 123 8910 • ઝોડિયાક-079-29704116 • જેજે પીવી-02827-254474 • સોલેક્સ-02692-230317 • યુરાટોમ-02825-296424 • કનોડા-1800 843 3800 • સ્ટાર એનર્જી-079-26581298 • ટ્રોમ-079-23288187 • સન સાઈન-044-4200 9484 • એ વી આઈ-079-2277 4464 • સૂર્યા-98258 02298 • ફોટોનિક્સ-97251 55006 • હરિકૃપા-079-27451003 • શિવમ -98257 20392 • પી એન્ડ એન-76220 23247 • ગોલ્ડી -0261-4011100 • બોન્સ લાઈટ-079-40085253 • કન્ફોનોમિક્સ-99981 12299 • સાઈકેબટેક-079-4088752 • અપોલો -90990 06748 • એમરલ-84606 41891 • નીતી યુરો-079-23287395 • સેનેલાઈટ-7226995510 • ઈલેક્ટ્રો લાઈન-98252 87179 • એરેકોમ-1800 233 2462 • કે.પી. બિલ્ડકોન-99794 44786 • ટાઈયો-98253 24580 • મેઈનફ્રેમ એનર્જી-99990 66929 • હર્ષા એબેક્સ-70960 52206 • સૂર્ય ઊર્જા સિસ્ટમ્સ-98244 76042 • એનર્જી એસેટ-98250 98956 • પાર્શ્વ એનર્જી-079-2756 1342 • એબલોન ક્લિન-079-6630 9332 • આદીન પાવર-079-40027017 • અનન્ય ઊર્જા-8866442477 • ડીમન ઓવરસીસ-079-26893180 • યુરો સોલર-90990 16724 • ફાર્મસન ઈનવીરો-079-40305916 • હર્ષ કોમ્યુનીકેશન-0278-2225214 • લક્ષ સોલર-98245 47919 • સિમ્સ એન્જિનિયરિંગ-0286-2242354 • વિમલ ઈલેક્ટ્રોનીક્સ-079-23287571 • એમિસન સોલર-02802-252927 • એલ-સોલ એનર્જી-079-40325743 • નેસ્સા ઈલ્યુમિનેશન-079-65051258 • પાવરટેક-0261-2336138 • શાશ્વત ક્લિનટેક-079-40022224 • સન બર્ન-97 277 18187 • ઈવાટોર ટેક્નો.-38251 48859 • ગ્રેસ રીન્યુએબલ-98250 13358 • જયારાજ સોલર -97696 23419 • કિસાન સોલર-0265-2640153 • લોબલ સોલર-93270 07854 • મેકાટ્રોનિક ટેક્નો.-90990 98669 • મીરાસન એનર્જીસ-98256 08662 • નીતી એનર્જી-98250 71551 • રિતુધન સોલર-98791 11390 • સંજીવની રિન્યુએબલ્સ-75748 77927 • સોલર ક્લીન-97126 66866 •સનરાઈઝ ટેક્નો.-079-23287265 • વારી એનર્જીસ- 22-66444444 • ક્લિનટેક સિનર્જી-079-26303064

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગભવન, બ્લોક નં. ૧૨, ચોથો માળ, ગાંધીનગર - ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ ઈ-મેઈલ : solar.geda@geda.org.in • www.geda.gujarat.gov.in